દિલ્હીમાં તોયબાનો કુખ્યાત આતંકવાદી ઝડપાયો

નવી દિલ્હી,તા. ૨૯

દિલ્હી પોલીસે સરાય કાલે ખાન બસ સ્ટેન્ડથી દેશમાં અનેક હુમલાને અંજામ આપી ચુકેલા ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબાના ખતરનાક ત્રાસવાદીની ધરપકડ કરી લેવામાં સફળતા મેળવી છે. આ ત્રાસવાદી અન્યોની મદદથી દિલ્હી અને દેશના અન્ય ભાગોમાં ભીષણ ત્રાસવાદી હુમલા કરવાની તૈયારીમાં હતો. સાથે સાથે તે તોયબા માટે યુવાનોની ભરતી પણ કરી રહ્યો હતો. સ્પેશિયલ સેલ દ્વારા તેની આકરી પુછપરછ હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ તેની આકરી પુછપરછ ચાલી રહી છે. તે રાજસ્થાન અને હરિયાણામાં યુવાનોની ભરતી પણ કરતો હતો. સાથે સાથે યુવાનોને

બ્રેનવોશ કરવાની જવાબદારી સંભાળી રહ્યો હતો. અબ્દુલ સુભાન કુરેશી તરીકે આ ત્રાસવાદી ઓળખાયો છે. તે મેવાત હરિયાણાના ગુમટ બિહારી ગામનો છે. મેવાતમાં આગાઉ પણ બે ત્રાસવાદી ઝડપાયા હતા.

અગાઉ મોહમ્મદ શાહીદ અને કારી રશીદની ધરપકડ કરવામાં આવી હતી. આ બન્નેની પુછપરછ કરવામાં આવી હતી. આ બન્ને શખ્સોએ પુછપરછ દરમિયાન સુભાનનુ નામ આપ્યું હતુ. વર્ષ ૨૦૧૩થી જ લશ્કરે તોયબાના પાકિસ્તાનમાં રહેલા આકાઓ રાજસ્થાન અને હરિયાણામાં કેટલાક સ્થાનિકોને ફોન કરીને તેમના સંપર્કમાં રહેતા હતા. ફોન નંબરને આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. એ જ ગાળા દરમિયાન માહિતી મળી હતી કે વારંવાર દિલ્હી આવે છે. ઉત્તરપ્રદેશમાં કોમી હિંસા થયા બાદ યુવાનોને બ્રેશ વોસ કરવાની કામગીરી સુભાન સંભાળી રહ્યો હતો. તેની ધરપકડથી દેશ પરથી એક મોટી ઘાત ટળી ગઇ છે. સ્વતંત્રતા દિવસ આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે આ શખ્સની ધરપકડને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. પાકિસ્તાન સરહદ પારથી મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ ઘુસાડવાના પ્રયાસમાં છે તેવા અહેવાલ હાલમાં આવ્યા છે. જેથી સુરક્ષા જવાનો સાવધાન હતા જેથી આ મોટી સફળતા મળી છે.

અન્ય ૨૨ કાવડિયા ઘાયલ, અનેકની હાલત ગંભીર

ઓરંગાબાદમાં કન્ટેનર ફરી વળતા ૧૨ કાવડિયાના મોત

પટણા,તા. ૨૯

બિહાના ઓરંગાબાદ જિલ્લામાં એક કન્ટેનર માર્ગની બાજુએ ઉંઘી રહેલા કાવડિયાઓ પર ફરી વળતા ઓછામાં ઓછા ૧૨ કાવડિયાના મોત થયા છે અને અન્ય ૨૫ કાવડિયા ઘાયલ થયા છે. નવી દિલ્હી કોલકત્તા રાષ્ટ્રીય રાજમાર્ગ-૨ પર આ બનાવ બન્યો હતો. બનાવના કારણે ભારે ચકચાર મચી ગઇ હતી. કન્ટેનરના ચાલકે કાબુ ગુમાવી દેતા આ બનાવ બન્યો હોવાની વાત પોલીસ દ્વારા કરવામાં આવી છે. માર્યા ગયેલાઓમાં પાંચ મહિલાઓનો સમાવેશ થાય છે. અન્ય ૨૫ લોકો ઘાયલ થયા હતા. જે પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. જેથી મોતનો આંકડો વધી શકે છે. ઉંઘી રહેલા કાવડિયા પર કન્ટેનર ફરી વળ્યા બાદ એક નજીકમાં ઉભેલી બસ સાથે ટકરાઇ હતી. પોલીસે માહિતી આપતા કહ્યુ છે કે તમામ કાવડિયા ઝારખંડના દેવઘર મંદિરમાં દર્શન કર્યા બાદ પરત ફર્યા હતા અને રસ્તામાં આરામ કરી રહ્યા હતા. ઓરંગાબાદ શહેરથી આશરે ૧૦ કિલોમીટરના અંતરે પાટનગર પટણાથી ૧૬૦ કિલોમીટર દુર વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. ઘાયલ થયેલા લોકોને સદર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગંભીરીતે ઘાયલ થયેલા કાવડિયાને વધુ સુવિધા ધરાવતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ બનાવના કારણે ભારે ઉત્તેજના ફેલાઇ ગઇ હતી. આસપાસના લોકો એકત્રિત થઇ ગયા હતા. બચાવ અને રાહત કામગીરી તરત હાથ ધરવામાં આવી હતી. પોલીસ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

દેશની સૌથી મોટી ઇ-કોમર્સ કંપની

ફ્લિપકાર્ટે ૬,૦૦૦ કરોડ ઉભા કર્યા

ભારતની સૌથી મોટી ઇ-કોમર્સ કંપની ફ્લિપકાર્ટે આજે કહ્યું હતું કે, મૂડીરોકાણકારોના ગ્રુપ તરફથી નવેસરથી ફંડિંગ મારફતે ૬૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરવામાં આવી ચુક્યા છે. દેશભરમાં ગળાકાપ સ્પર્ધા ધરાવતા સ્પર્ધાત્મક ઓનલાઇન શોપિંગ સેગ્મેન્ટમાં ફ્લિપકાર્ટે બાજી જમાવી છે. આ કંપનીએ તેની નવી હિસ્સેદારી પદ્ધતિની હજુ સુધી જાહેરાત કરી નથી પરંતુ

જાણવા મળ્યું છે કે, નવેસરથી ફંડિંગના આ રાઉન્ડની સાથે ફ્લિપકાર્ટનું કદ ૪૨૦૦૦ કરોડ સુધી પહોંચી ગયું છે. પ્રવર્તમાન મૂડીરોકાણકારો ટાઈગર ગ્લોબલ મેનેજમેન્ટ અને નેસપર, સિંગાપોર સોવર્ન વેલ્થફંડ, જીઆઈસી, ડીએસટી ગ્લોબલ, આઈકોનિક કેપિટલ, મોર્ગન સ્ટેન્લી ઈન્વેસ્ટમેન્ટ મેનેજમેન્ટના સહ નતૃત્વમાં આ કંપની નવેસરના ફાઈનાન્સિગ રાઉન્ડમાં પ્રવેશ કરી રહી છે. ફ્લિપકાર્ટ ભારતની સૌથી મોટી ઇ-કોમર્સ કંપની તરીકે ઉભરી ચુકી છે. આની લોકપ્રિયતા દિન પ્રતિદિન વધી રહી છે. તે આગામી દિવસોમાં પણ આવી ગતિ જાળવી રાખે તેવી શક્યતા દેખાઈ રહી છે. મળેલી માહિતી મુજબ ફ્લિપકાર્ટે ઓનલાઈન ક્ષેત્રમાં દેશમાં ભારે પ્રતિષ્ઠ જગાવી છે. કંપનીએ હોલ્ડિંગ પેટર્નને લઇને વિગતો ન આપતા નિષ્ણાતોમાં આને લઇને ભારે ચર્ચા રહી છે. રોકાણકારોમાં ચર્ચા ચાલી રહી છે.

ઈઝરાયેલી હુમલા : મોતનો આંક ૧૧૧૦ સુધી પહોંચ્યો

ગાઝા, તા. ૨૯

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે રક્તપાતનો દોર જારી રહ્યો છે. ઈઝરાયેલે આજે ગાઝાના હમાસના અંકુશના સિમ્બોલને તોડી પાડ્યા હતા. ઈસ્લામિક ત્રાસવાદી સંગઠન સામે તેની લશ્કરી ઝુંબેશ પણ વધુ તીવ્ર બનાવી છે. હવાઈ હુમલાઓ પણ વધુ તીવ્ર બનાવી દેવાયા છે. યુદ્ધ વિરામની આંતરરાષ્ટ્રીય હાંકલ છતાં હુમલાઓ જારી રહ્યા છે. યુદ્ધની શરૂઆત થયા બાદથી ઈઝરાયેલે હમાસ લીડરોના આવાસને પણ ટાર્ગેટ બનાવ્યા છે. ૮મી જુલાઈ બાદથી કરાયેલા હુમલામાં હજુ સુધી ૧૧૧૦ પેલેસ્ટિનિયનોના મોત થયા છે અને ૬૫૦૦ જેટલા ઘાયલ થયા છે. ઈઝરાયેલી યુદ્ધ વિમાનોએ ડઝન જેટલા હુમલાઓ કર્યા છે. આ હુમલાઓનો દોર હજુ જારી રહે તેવી શક્યતા છે. હુમલાઓમાં માર્યા ગયેલાઓમાં ૭૫ ટકા નાગરિકો છે. બીજી બાજુ યુદ્ધમાં ઈઝરાયેલે ૫૩ જવાનો ગુમાવ્યા છે. ઈઝરાયેલે આશરે ૭૦થી વધુ હવાઈ હુમલાઓ કર્યા છે.

સૌથી ચિંતાજનક અને દુખદ બાબત એ છે કે હુમલામાં માર્યા ગયેલા લોકો પૈકી ૮૦ ટકા નાગરિકો છે અને આમાં પણ મોટા ભાગે મહિલાઓ અને માસુમ બાળકો છે. આઠમી જુલાઈના દિવસે શરૂ કરવામાં આવેલા હુમલા ૨૧ દિવસ સુધી ચાલ્યા બાદ યુદ્ધવિરામની કામચલાઉ જાહેરાત કરવામાં આવી હતી પરંતુ ટુંકા યુદ્ધવિરામ બાદ ફરી હુમલાઓ શરૂ થયા છે. કુલ ૨૧ દિવસ સુધી ઈઝરાયેલે હુમલા કર્યા હતા. સંયુક્ત રાષ્ટ્ર સંઘની સુરક્ષા પરિષદની ચેતવણી છતાં ઈઝરાયેલી વિમાનો અને ટેન્કોએ ગાઝાપટ્ટી પર હુમલા યથાવત રાખ્યા હતા. જાણકાર લોકોનુ કહેવુ છે કે વર્ષ ૨૦૦૯ બાદથી સૌથી લાંબી કાર્યવાહી ઈઝરાયેલે કરી છે. છેલ્લા ૧૯ દિવસથી ઈઝરાયેલ દ્વારા હવાઇ હુમલા કરવામાં આવી રહ્યા હતા. અમેરિકાએ રક્તપાતનો અંત લાવવા માટે ખાસ પહેલ કરી હતી. ઈઝરાયેલ અને હમાસ બન્ને પોત પોતાના વલણ પર મક્કમ હોવાથી રક્તપાતનો વહેલી તકે અંત આવે તેવી શક્યતા દેખાઇ રહી નથી. જો કે અમેરિકા સહિતના દેશો આના માટે પ્રયાસ કરી રહ્યા છે. ઈઝરાયેલ અને હમાસ બંને આક્રમક વલણ ધરાવે છે.

લડાખથી ચીની સૈનિકો પાછા ફર્યા : ગૃહપ્રધાન

નવી દિલ્હી,તા. ૨૯

ચીની સૈનિકોની લડાખમાં ઘુસણખોરીના અહેવાલ વચ્ચે કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહે આજે કહ્યુંહતું કે, સરકાર પાસે એવી માહિતી આવી છે કે ચીની સૈનિકો લડાખમાંથી પરત ફરી ચુક્યા છે. બન્ને દેશો વચ્ચે ફ્લેગ મીટિંગ યોજાયા બાદ ચીની સૈનિકો પરત ફર્યા હતા. રાજનાથસિંહે ચીનની ઘુસણખોરી અંગે પુછવામાં આવતા આ અંગેની માહિતી આપી હતી. ૨૫મી જુલાઈના દિવસે આ ઘુસણખોરી થઈ હતી. ચીની સૈનિકો જમ્મુ કાશ્મીરમાં અંકુશ રેખા નજીક ડેમચોક સેક્ટરમાં ઘુસી ગયા હતા. આ વિસ્તારમાં ફરજ બજાવતા ભારતીય લોકોએ આની નોંધ લીધી હતી. અહેવાલમાં જણાવાયુ હતું કે, ભારત અને ચીનના કમાન્ડરો વચ્ચે ફ્લેગ મીટિંગ યોજાઈ હતી. જેના કારણે ચીની સૈનિકો પહોંચ્યા હતા. ચીની સૈનિકોની ઘુસણખોરીને લઈને આ મુદ્દે રજુઆત કરવામાં આવી હતી. છેલ્લા પખવાડીયામાં ચીની સૈનિકોએ લડાખના ચુમાર વિસ્તારમાં બે વખત ઘુસણખોરી કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડાક સમય પહેલા બ્રિક્સ શિખર બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની પ્રમુખ મળ્યા હતા અને આ મુદ્દે રજુઆત કરાઈ હતી.

વૈજ્ઞાનિકોને નવા રસ્તા શોધી કાઢવા સૂચન કર્યું

કૃષિ ઉત્પાદનને વધારવા મોદીની તમામને અપીલ

નવીદિલ્હી,તા. ૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કૃષિ ઉત્પાદન વધારવા અને પાણીના જતનની સ્થિતિને સુધારવાની જરૂરિયાત ઉપર ભાર મુક્યો હતો. વડાપ્રધાને ઓછા સંશાધનોનો યોગ્ય ઉપયોગ મારફતે કૃષિ ઉત્પાદનને વધારવા માટે જુદા જુદા રસ્તાઓ શોધી કાઢવા ખેડૂતો અને વૈજ્ઞાનિકોને અપીલ કરી હતી. ગુણવત્તા સાથે સમાધાન કર્યા વગર પાક ઉત્પાદનને વધારવા માટે કામ કરવા કૃષિ વૈજ્ઞાનિકોને અપીલ કરવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું

કે, કૃષિ ઉત્પાદનને વધારવા માટે પરંપરાગત જ્ઞાન અને વૈજ્ઞાનિક સંશોધનનો ઉપયોગ પણ કરી શકાય છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચના ૮૬માં સ્થાપના દિવસના પ્રસંગે વૈજ્ઞાનિકો સાથે વાતચીત કરતા મોદીએ કહ્યું હતું કે, અમારી પાસે અન્ય કોઇ વિકલ્પ નથી. પાક ઉત્પાદનને વધારવાની જરૂર છે. ભાષણની શરૂઆત કરતા રહેલા વડાપ્રધાને ખેડૂતોને સન્માન આપવા ઉપસ્થિત લોકોને અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, કૃષિ વૈજ્ઞાનિકો અને સંસ્થાઓને પણ યોગ્ય ભૂમિકા અદા કરવાનો સમય આવી ગયો છે. ભાષણ દરમિયાન મોદીએ ખેડૂત આધારિત અભિગમ અપનાવવા વૈજ્ઞાનિકો અને પોલિસી નિર્માતાઓને અપીલ કરી હતી. લેબ ટુ લેન સંશોધન કરવા મોદીએ ભાર મુક્યો હતો. તેમના પોતાના રેડિયો સ્ટેશન સ્થાપિત કરવા દેશભરની કૃષિ યુનિવર્સિટીઓને અપીલ કરી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, કૃષિ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ લેબમાં સંશોધન કરી શકે છે. ઉત્પાદનને સુધારવા નવા તરીકાઓનો ઉપયોગ ખેડૂતોને જણાવવાની જરૂર છે. આવી પ્રવૃત્તિથી ખેડૂતોને ફાયદો થશે. કેન્દ્રીય કૃષિપ્રધાન રાધામોહનસિંહ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે તેમના સંબંધિત ક્ષેત્રોમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર કૃષિ વૈજ્ઞાનિકો અને સંસ્થાઓને વિવિધ એવોર્ડ પણ એનાયત કર્યા હતા.

સલમાનખાનની કિક ફિલ્મે ૧૦૦ કરોડની કમાણી કરી

મુંબઈ,તા. ૨૯

સલમાન ખાન અભિનીત કિક ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર નવા રેકોર્ડ સર્જવાની દિશામાં આગળ વધી રહી છે. આ ફિલ્મે ઈદના આંકડા મળે તે પહેલા જ ૧૦૦ કરોડમાં એન્ટ્રી કરી લીધી છે. શુક્રવારના દિવસે ભારતમાં પાંચ હજાર સ્ક્રીનમાં આ ફિલ્મ રજૂ કરવામાં આવી હતી. ફિલ્મમાં સલમાન ઉપરાંત જેકલીન, રણદીપ હુડા, નવાઝુદ્દીન સિદ્દીકીની મુખ્ય ભૂમિકા છે. સલમાન ખાન માટે ૧૦૦ કરોડના આંકડા સુધી પહોંચવાની બાબત કોઇ નવાઈ નથી. તેની અગાઉની તમામ ફિલ્મો ૧૦૦ કરોડના આંકડા સુધી પહોંચી ચુકી છે જેમાં દબંગ, બોડીગાર્ડ, રેડી, એક થા ટાઈગર, દબંગ-૨, જય હોનો સમાવેશ થાય છે. આ તમામ ફિલ્મો ૧૦૦ કરોડની ક્લબમાં સામેલ થઇ ચુકી છે. ફિલ્મ ૧૦૦ કરોડમાં સામેલ થતાં હવે ઉજવણીનો દોર શરૂ થશે. સાજિદની નિર્દેશન હેઠળની પ્રથમ ફિલ્મે પ્રથમ બે દિવસમાં ૫૦ કરોડ અને ત્યારબાદ રવિવારે તેનો આંકડો વધીને ૮૪ કરોડ રૂપર પહોંચ્યો હતો. આ ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર આ વર્ષની સૌથી મોટી હિટ ફિલ્મ બનવાની દિશામાં આગળ વધી રહી છે. સલમાન ખાનની ફિલ્મ કિક ભારે ચર્ચા જગાવી રહી છે. નિર્માતામાંથી નિર્દેશક બનેલા સાજિદે દાવો કર્યો છે કે સલમાનની કેરિયરની આ સૌથી મોટી ફિલ્મ છે. સલમાન ખાને ઈદના પ્રસંગે ફિલ્મની સફળતાને લઇને ખુશી વ્યક્ત કરી હતી.

Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

ડર બીક ને મન સાથે સંબંધ છે. હું સ્ટેશન જઉં ને ટ્રેન જતી રહેશે તો? રસોઇ બનાવું ને મહેમાન નહીં આવે તો? પેપર તો સારાં લખ્યા છે માર્કસ નહીં આવે તો? મારો પતિ મારું નહીં માને તો? મારું ગીત સારું નહીં ગવાયું તો? મોટા ભાગે આ બધું જ કપોળકલ્પીત હોય છે અને આમાંનું કશું બનતું નથી, ઉલ્ટાનું આ ડરનો ભાર રાખે અને દેખાવમાં એની અસર અડે છે.

બૉસ બોલાીને શું કરશે, ખખડાવશે ને? પત્ની બહુ બહુ તો શું કરશે, રસોઇ નહીં બનાવે ને? ટ્રેન જતી રહેશે તો, બીજી આવશે. માર્કસ સારા નહીં ઓ તો, લાઇન બદલી નાંખીશું. ગીત સારું નહીં ગવાય તો બહુ બહુ તો પ્રેક્ષકો હુરીયો બોલાવશે... જે થશે તે જોયું જશે. પડશે એવાં દેખાશે. જો ડર ગયા સમજો મર ગયાં, બસ, ગબ્બરને યાદ કરો, પ્રોબ્લેમ સોલ્વ, ડ્યુની જાહેરાતમાં કહે છે ને કે ડર કે આગે જીત હૈ.

માણસ છે વિચારશીલ એટલે સારાં - ખરાબનો વિચાર કરે એટલે મનમાં ડર પેદા થાય, કેટલેક અંશે એ જરૂરી છે, નહીં તો બધાં બેફામ બની જાય. ભગવાનનો ડર મનમાં છે એટલે તો આપણે ઓછાં પાપ કરીએ છીએ, બાકી તો શ્રાવણનાં સોમવારેય મહાદેવના નામે લૂંટ ચલાવીએ !!

ચૂંટલો :

બીકની બીક જ ઓછી કરો, મોટાં ભાગનાના મનમાં મને બીક લાગશેની બીક નિર્માણ થયેલી હોય છે. જે થવું હોય તે થાય ના નિર્ધાર સાથે પરિસ્થિતિની સામે પડો અને પોતાની જાતને જ કહો કે **'I Can do it.'** પછી કોઇ ચિંતા - બીંક તમને પરેશાન નહીં કરી શકે.

નવાં ક્લેવર (પાના નં. ૬ નું ચાલુ)

'ઓહ! અર્ચના ને! તમારું નામ.'

'નિસર્ગ વ્યાસ'

તમે તેમના કંઇ સંબંધી થાવ છો.

ના, હું તેમનો સ્ટુડન્ટ હતો.

નિસર્ગભાઇ તમારું કૉલેજ જીવન, અર્ચના મેડમ તમને ભણાવતાં એ બધી વાતો ને ઘણાં સમયના વહાણા વાઇ ગયા છે. એ દરમિયાન ઘણું બધું બદલાઇ ગયું છે. જે તમને ખબર નથી.

'હાં સાચી વાત છે.'

તો તમને જણાવું કે અર્ચના મેડમ આજથી વીસ વર્ષ પહેલાં ડૉ. વત્સલને ડીવોર્સ આપી ઓસ્ટ્રેલિયા ચાલ્યા ગયા. તે પછી વત્સલ મારા સંપર્કમાં આવ્યા. અને લગ્ન માટે પ્રપોઝ કર્યું જેનો હું ઇન્કાર કરી ન શકી અને ભાર્ગવી ભટ્ટમાંથી ભાર્ગવી આચાર્ય થઇ ગઇ. લગ્નના છ વર્ષ પછી ડૉ. વત્સલે લશ્કરમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઇ લીધેલ. અમારા બંનેનું લગ્નજીવન સુખી હતું. બંને એકબીજાથી ખુશ હતા. આવા જ શિયાળાના દિવસો હતા. એક રાતે વત્સલ સુતા પછી જાગ્યા જ નહીં. તેમને સિવિયર હાર્ટ એટેક આવ્યો હતો. તેમનાં ગયા પછી આ આવડા મોટા ઘરમાં હું એકલી જ રહું છું.

ભાર્ગવી બહેન તમારી પાસેથી આ બધું જાણીને ખુબ દુઃખ થયું.

જેવું જેનું ભાગ્ય, નિયતિ સામે આપણે સૌ લાચાર છીએ. શું કરી શકીએ.

'મેડમ તમને એક વાત પુછું?'

'બોલો.'

'અર્ચના મેડમ ઓસ્ટ્રેલિયાથી કયારેય પાછાં આવ્યાં નથી. તેમનાં કંઇ સમચાર છે.'

કદાચ પાછાં આવ્યાં જ નથી. વત્સલ પાસે તેમનો કોન્ટેક્ટ નંબર હતો. એકાદવાર મેં જાણવાની કોશિષ કરેલી પણ તેમને રૂચી ન બતાવી. તેથી મેં પણ વાત પડતી મુકી.

ભાર્ગવીબહેન સામે દિવાલ પર અર્ચના મેડમનો ફોટો અને બહાર નેઇમ પ્લેટ પર તેમનું અને ડૉકટર વત્સલનું નામ છે.

હાં, વત્સલની એવી ઇચ્છા હતી કે તેમનું નામ રહેવા દેવું. તેમાં મેં પણ કંઇ વાંધો ન લીધો. આમ પણ નામમાં શું છે. આપણે રહીએ ત્યાં સુધી તેનો એક મોહ હોય છે. નિસર્ગ ચ્હા લેશો.

'ના, આભાર, હું નીકળીશ, તમારો ઘણો સમય લીધો.'

એમ કહી હું ઊભો થયો.

'નિસર્ગ, સમય મળે ત્યારે ફરી આવજો.' એમ કહીને તે પોતાના ઓરડામાં જતાં રહ્યાં.

હું મેઇન ગેઇટ પર લાગેલ અર્ચના અને ડૉ. વત્સલ આચાર્યની નેઇમ પ્લેટ પર એક નજર નાંખી ઉદાસ મને મારા ઘેર પાછા ફર્યો.

- vanvihari@gmail.com

વ્રજ વહાલું રે.... (પાના નં. ૪ નું ચાલુ)

સાહિત્યકાર બનતાં બનતાં રાજકારણી બની જવું પડ્યું એને તેઓ નિયતિનું વિધાન માને છે. મેં કહ્યું : 'તમે જીવનના સૌથી સુખદ ફરી ફરી જીવવા ગમે એવા સમયગાળાની વાત કરો!'

'પંચાવનથી સત્તાવન વચ્ચેનો એ સાત-આઠ વરસનો ગાળો મારી જિંદગીનો સોનેરીસમય હતો, એટલી હદે સુખદ કે એની સામે બાકીનાં બધાં વર્ષો ઓવારી દેવાનું મન થાય. કેવો ભવ્ય હતો એ સમય! હું 'ગુજરાત સમાચાર'માં નોકરી કરતો હતો. બપોરના વધારા તરીકે ઓળખાતા 'લોકનાદ' ના બીજા પાને વિશિષ્ટ ફિચર આપવાની જવાબદારી નીરૂભાઈ દેસાઈએ મારા શિરે મુકેલી. એક સાથે અનેક મોટા ગજાના સાહિત્યકારો અને પત્રકારો સાથે પનારો પડ્યો હતો. નીરુભાઈ ઉપરાંત વાસુદેવ મહેતા, બળવંતરાત શાહ, અશોક હર્ષ, ચુનીલાલ વર્ધમાન શાહ, ગુણવંતરાય આચાર્ય, મોહંમદ માંકડ, ભૂપત વડોદરિયા...' એમની વૃદ્ધ આંખોમાં એમનો એ સુખદ સુવર્ણકાળ જુવાન થઈ ગયો. એની ગળચટી સ્મૃતિઓમાં ખોવાઇ ગયેલા માધવસિંહ કહી રહ્યા હતા : 'નારદવાણી'વાળા 'નારદ'ને તો જાણો છો ને? બધા એમનાં ટેબલ પર ભેગા થતાં. ચા-નાસ્તાની જયાફત જામતી. 'લોકનાદ' હતું તો નાનું છાપું. પણ જોતજોતામાં એવું લોકપ્રિય બની ગયું હતું કે લોકો એની રાહ જોયા કરતા. મહેન્દ્ર મેઘાણી 'મિલાપ' ના અંકોમાં એનાં લખાણો પુનર્મુદ્રિત કરતાં. વર્ષના શ્રેષ્ઠ વર્તમાનપત્ર તરીકે એમણે 'લોકનાદ' પર પસંદગી ઉતારી હતી...'

એમને એ સુખદ સમય પર જાતે જ પૂર્ણવિરામ મૂકી દેવું પડેલું એનો વસવસો હજી આ વયે પણ અકબંધ રહ્યો છે. 'મૂળે એ ટૂકાં પગારની નોકરી હતી. મહિને એકસો પચીસ રૂપિયામાં પૂરૂં કેવી રીતે કરવું એ પ્રશ્ન હતો. મ્યુનિસિપાલીટીની જાહેરાત બહાર પડેલી એમાં અઢીસોનાં પગારવાળી નોકરી હતી. અરજી કરી અને સિલેક્ટ થઈ ગયો પણ એ ડબલ પગારવાળી નોકરી મેળવતાં કેવી અણમોલ કમ્પની ગુમાવવી પડી હતી!' એમનાં એ સાથીઓ પૈકી ઘણાબધાં પ્રસ્થાન કરી ગયા છે. છેલ્લે ભૂપતભાઈની વિદાય પછી ખાસ્સા ઉદાસ થઈ ગયેલા. શેખાદમ અને અમૃત ઘાયલ એમની સ્મૃતિમાં રણકતાં રહે છે. સર્જકોને મળવાનું એમને ખુબ ગમે છે. ઉમાશંકર અને સુંદરમ્ વચ્ચે બેસીને ફોટા પડાવવાની તક સાંપડી છે. એને એ મોટું સદ્‌ભાગ્ય માને છે. તે સમયે તેઓ ગુજરાતનાં મુખ્યમંત્રી હતા.

એમણે ઉત્સાહથી પહેલાં ખોળાની દીકરીનું નામકરણ કર્યું હતું. એ જ દીકરીની દીકરી પુર્વીને હવે જિંદગીની જણસ લેખે ભેગાં કરેલાં પુસ્તકો - આશરે પંદર હજાર પુસ્તકો - ની લાઇબ્રેરી અર્પણ કરીને હળવાશ અનુભવી રહ્યા છે. પુસ્તકો ખરીદવા, આવી આજાર હાલતમાં પણ પુસ્તકમેળાની મુલાકાતે જઈ ઉત્તમ પ્રકાશનો લઈ આવવા અથવા ફોન કરીને મંગાવી લેવા એ જાણે એક વ્યસન જેવું થઈ ગયું છે. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલયે મુનશીની ઐતિહાસિક નવલકથાઓની નવી આવૃત્તિ બહાર પાડી તે જાણતાંની સાથે એમની દાઢ સળકી. મને ફોન કરી એ પુસ્તકો મેળવી આપવા વિનંતી કરી. વારંવાર ઉઘરાણી કરતા રહ્યા. ગૂર્જર પ્રકાશનગૃહના કર્ણધાર મનુભાઈ શાહ સાથે સીધી વાત કરાવી ત્યારે જંપ્યા. માણસ આવીને ગ્રંથસંપુટ આપી ગયો ત્યાંરે રાજી રાજી થઈ ગયા. હવે એ આ નવલકથાઓ તો ઘણાં વર્ષ પહેલાં વાંચી જ ચૂક્યા છે પરંતુ ધૂન ચડે ત્યાં ઉપાય જ નહીં ને!

વાચનની આ ભૂખ એમને લેખક બનતા અટકાવતી રહી છે, મેં એમને પન્નાલાલનો દાખલો આપ્યો. એ બહું ન ભણ્યા અને બહુ વાંચી ન શક્યા એટલે એમને લખવાનો વખત મળ્યો, તમને તમારુ ભણતર અને વાંચન વેરી થયાં.

એમને હરહંમેશ એમ જ લાગ્યા કર્યું છે કે દુનિયામાં ઉત્તમ લખનારા એટલું બધું લખી ગયા છે કે એક જિંદગી એ વાંચવા માટે ઓછી પડે. 'તમે બધા લેખકો છો, એમાં મારા જેવા માણસે ન લખ્યું તો કયાં મોટો ફેર પડી જવાનો છે? હા, હજી વાંચવાલાયક ઘણું બધું વાંચવાનું રહી ગયું છે, એટલો વસવસો જરૂર રહ્યા કરે છે. જુઓ, હમણાં ભર્તૃહરિનાં શતક વાંચુ છું. એના પહેલા જ શ્લોકે મારી શંકાનું સમાધાન કરી દીધું છે : ઈશ્વરને ભજવો પણ હોય તો કયાં સ્વરૂપે ભજવો? રામ અને કૃષ્ણનાં જે ચિત્રો જોઈએ છીએ એ તો આપણાં જેવા માણસોએ ચીતરેલં છે. ભર્તૃહરિ ઈશ્વરના સર્વવ્યાપી રૂપની પ્રતિષ્ઠા કરે છે અને શાંત તેજસ્વરૂપ પરમાત્માને વંદન કરે છે - 'નમઃ શાન્તાય તેજસે.' એમની આ સમજણ મને સ્પર્શી ગઈ.' મેં કહ્યું : 'સ્વામી સચ્ચિદાનંદજી એના દરેક પ્રવચનની શરૂઆત એ જ શ્લોકથી કરે છે. વળી એ વારંવાર કહે છે કે : મેં ઈશ્વરને જોયો નથી, પણ એની કૃપા વારંવાર અનુભવી છે. શું એવી જ કૃપાનો આપણને પણ અવારનવાર અનુભવ નથી થતો?'

એ હસ્યા, 'જરૂર થાય છે. હમણાં તો એક દિવસ યમરાજાના પાર્ષદ સુવર્ણ સિંહાસન પર બિરાજમાન થઈને આવ્યા. સાથે એવી જ બીજી સોનાની ખુરશી : 'ચાલો, સમય પૂરો થઈ ગયો છે. તમને તેડી જવા આવ્યો છું!'

એમણે સ્વપ્નની ખુલાસાબંધ વાત કરતાં ઉમેર્યું : 'આપણને ડર બતાવાતો રહે છે એવા એ જમ નહોતા, અત્યંત સૌમ્ય, મૃદુભાષી અને વિવેક પાર્ષક લાગ્યા.'

'સ્વર્ગમાં લઈ જવા માટે યમરાજા ક્રૂર જમડાઓને થોડા મોકલે? એમને પણ નીતિમય જીવન જીવનાર નેતાનો મલાજો તો રાખવો પડે ને!' મેં કુતૂહલવશ પુછી નાખ્યું : 'સપનું લગભગ કેટલા શુમારે આવ્યું હતું, યાદ ખરું?'

માધવસિંહભાઈ હસ્યા : 'તમે સપનાં સાચાં પડે એમ માનો છો ખરા?' અને પછી ગંભીર થઈ ઉમેર્યું : 'હું તો તદ્દન તૈયાર થઈને બેઠો છું. તેડું આવે તો ક્ષણનોય વિલંબ કર્યા વગર ઊપડી જવામાં લેશ પણ દુઃખ ન અનુભવુ. હસતાં હસતાં નીકળી પડું... અને સપનું લગભગ સવારના ચારેક વાગ્યાના શુમારે આવ્યું હતું. સાંભળ્યું છે : સવારનાં પહોરમાં આવેલું સપનું સાચું પડતું હોય છે!'

મેં એમને વાર્યા : 'તમારું સપનું વિજ્ઞાન સાચું નહીં પડવા દે. લખી રાખો : તમે શતાયુ થવાના!'

એમણે બાયપાસ સર્જરી કરનારા ડૉકટરના શબ્દો યાદ કરતા કહ્યું, : 'ડૉકટર તો કહેતા હતા : તમને પચ્ચીસ વરસની લીઝ મળી ગઈ! બાયપાસ પછી લોકો વીસ-પચ્ચીસ વરસ તો આરામથી ખેંચી કાઢતા હોય છે.'

એમની પ્રબળ જિજીવિષા આગળ યમરાજ પણ નહીં ઠકી શકે એ નક્કી. 'એવી ઉતાવળ પણ શું છે? હજી તો તમારે કેટલું બધું વાંચવાનું બાકી રહી ગયું છે!' મારી કોમેન્ટ એમને જરૂર ગમી હશે. કારણ કે મૂળભૂત રીતે એ વ્રજના માણસ છે, વૈકુંઠના નહીં જ નહીં...

સૌજન્ય : 'કુમાર'/જુલાઈ-૨૦૧૪

સમાચાર ઝલક

- કંધારમાં આત્મઘાતી હુમલાથી આતંકી હુમલામાં હમીદ કરજાઈના સગાનું મોત.
- બેંગ્લોર દુષ્કર્મ કેસમાં આરોપીની ધરપકડ બાબતે રહસ્ય ઘેરાતું જાય છે.
- મહીસાગરમાં મગરોનો ત્રાસ. અત્યાર સુ